૧

**Notification**

***Regarding***

**The Deputy Director, Class I, in the General State Services Recruitment Rules, 2015.**

**સામાન્ય રાજ્ય સેવામાં, નાયબ નિયામક, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૫ સંબંધી**

**જાહેરનામું.**

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૧૭મી નવેમ્બર, ૨૦૧૫.

**ભારતનું સંવિધાન.**

**ક્રમાંક : જીવાયસી-૨૭-૨૦૧૫-એનપીએસ/૧૦૨૦૧૪/૧૦૦૯/એ** :- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, પુરાતત્ત્વ અને સંગ્રહાલય નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, નાયબ નિયામક, વર્ગ ૧-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો સામાન્ય રાજ્ય સેવામાં, નાયબ નિયામક, વર્ગ-૧, ભરતી નિયમો, ૨૦૧૫ કહેવાશે.

૨. પુરાતત્ત્વ અને સંગ્રહાલય નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, નાયબ નિયામક, વર્ગ ૧-ની જગા પરની નિમણૂક,-

(ક) (૧) જેણે પુરાતત્ત્વ અને સંગ્રહાલય નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, મદદનીશ પુરાતત્ત્વ નિયામક, વર્ગ ૨ અથવા મદદનીશ સંગ્રહાલય નિયામક, વર્ગ-૨ અથવા મદદનીશ પુરાતત્ત્વ અને સંગ્રહાલય નિયામક, વર્ગ ૨-ના સંવર્ગમાં ઓછામાં ઓછા આઠ વર્ષ સુધી કામ કરેલું હોય;

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યકિતઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ધ નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. નિયમ-૨માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૪૩ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વય-મર્યાદા હળવી કરી શકાશે;

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ

Scanned by CamScanner

કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી-

(૧) પુરાતત્ત્વશાસ્ત્રમાં મેળવેલી પીએચ.ડીની અથવા દ્વિતીય વર્ગની અનુસ્નાતકની પદવી; અથવા

(૨) સંગ્રહાલય વિજ્ઞાનમાં મેળવેલી પીએચ.ડીની અથવા દ્વિતીય વર્ગની અનુસ્નાતકની પદવી; અથવા

(૩) નીચે જણાવેલા વિષયો પૈકીના કોઈપણ એક વિષયમાં મેળવેલી દ્વિતીય વર્ગની અનુસ્નાતકની પદવીઃ-

ઈતિહાસ અથવા ભૂસ્તરવિજ્ઞાન (Geology) અથવા પ્રાણીવિજ્ઞાન (Zoology) અથવા નૃવંશવિજ્ઞાન (Anthropology) અથવા માનવજાતિવિજ્ઞાન (Ethnology) અથવા સંસ્કૃત અથવા અરબી; અને

(૪) પુરાતત્ત્વશાસ્ત્ર અથવા સંગ્રહાલયવિજ્ઞાનમાં મેળવેલ અનુસ્નાતક ડિપ્લોમા ધરાવતો હોવો જોઈશે;

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે;

(ઘ) (૧) પુરાતત્ત્વ અને સંગ્રહાલય નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, પુરાતત્ત્વ અધીક્ષક અથવા ક્યુરેટર, વર્ગ ૨ અથવા પુરાતત્ત્વ ઈજનેર, વર્ગ ૨-ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગા પરનો આશરે સાત વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈશે; અથવા

(૨) પુરાતત્ત્વ અને સંગ્રહાલય નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની, પુરાતત્ત્વ અધીક્ષક અથવા ક્યુરેટર, વર્ગ ૨ અથવા પુરાતત્ત્વ (આર્કિઓલોજિકલ) ઈજનેર, વર્ગ ૨-ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તે જગાને સમકક્ષ ગણી શકાય તેવી જગા ઉપરનો સંશોધન જેવા પુરાતત્ત્વવિષયક કાર્યનો અને/અથવા સરકારી અથવા જાહેર ક્ષેત્રના સંગ્રહાલય અથવા ખાનગી સંગ્રહાલયમાં સંગ્રહાલય તંત્ર-વ્યવસ્થાનો આશરે સાત વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈશે, અને

(ચ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૪. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે બે વર્ષની મુદત સુધી અજમાયશ પર રહેવું પડશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી પૂર્વ-સેવા તાલીમ અને પરીક્ષા નિયમો, ૧૯૭૦ની જોગવાઈઓ અનુસાર પૂર્વ-સેવા તાલીમ લેવી પડશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવી પડશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર હિન્દી અથવા ગુજરાતી અથવા તે બંને પરીક્ષા પાસ કરવાની રહેશે.

6

Scanned by CamScanner

૮. બઢતીથી અથવા સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૯. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ભાવેશ એરડા,
સરકારના નાયબ સચિવ.

---

Scanned by CamScanner